# <u>ખંભાત નગરપાલિકા, ખંભાત</u>

## <u>એકઝીકયુટિવ કમિટિ ઠરાવ નંબર. ૫૭૧</u>

## <u>તારીખ.૧૮–૧૨–૨૦૧૯</u>

આથી ઠરાવવામાં આવે છે કે ઉપરોકત રીપોર્ટની વિગત વંચાણમાં લેતા તારીખ. ૦૯–૦૮–૨૦૧૯ના રોજ ખંભાત નગરપાલિકામાં અરજી આવેલ છે તેમાં જણાવ્યા મુજબ ઝરણાબેન અશોકભાઈ લુલ્લા એ સરદાર ટાવર પાસે આવેલ "સ્થંભતીર્થ કોમ્પ્લેક્ષ" ની ફર્સ્ટ ફલોર દુકાન નંબર. ૪૪ જે રૂપીયા.૯,૧૦,૦૦૦/– અંકે રૂપીયા. નવ લાખ દસ હજાર પુરાના પ્રિમિયમની રકમથી રાખેલ તે દુકાન તેઓ રૂપીયા.૯,૮૧,૦૦૦/– અંકે રૂપીયા નવ લાખ એકીયાસી હજાર પુરા પ્રિમિયમની રકમથી બીજાના નામે ટ્રાન્સફર કરવા અરજી આવતા (૧) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર.૧૫૮ તારીખ.૦૮–૯–૨૦૧૭ જેનો જનરલ બોર્ડ ઠરાવ નંબર.૧૯ તારીખ.૩૦–૦૧–૨૦૧૮ (૨) એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૨૪૮ તારીખ.૦૮–૦૨–૨૦૧૮ ની શરત નંબર. ૧૧ મુજબ જેનો જનરલ બોર્ડ ઠરાવ નંબર.૩ તારીખ. ૦૪–૦૪–૨૦૧૮ દુકાનની રૂપીયા. ૭૧,૦૦૦/– અંકે રૂપીયા ઈકોતેર હજાર પુરા વધુ ઉપજેલ પ્રિમિયમની રકમના પચ્ચીસ (૨૫) ટકા પ્રમાણે રૂપીયા. ૧૭,૭૫૦/– અંકે રૂપીયા સત્તર હજાર સાતસો પચાસ પુરા તારીખ. ૨૬–૦૯–૨૦૧૯થી જમા કરાવેલ છે તેના આધારે તારીખ.૨૬–૦૯–૨૦૧૯ ના રોજ ઉપરોકત જણાવેલ નંબરની દુકાન હાલમાં ઝરણાબેન અશોકભાઈ લુલ્લા રહેવાસી ૬– શ્રીજી કૃપા સોસાયટી, રણમુકતેશ્વર મહાદેવ પાસે, ખંભાત નામે ચાલે છે સદર દુકાન તેઓ એ ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલ, ડેરી સામે, મુ. વરસડા તા. ખંભાત જી. આણંદના નામે દુકાન ટ્રાન્સફર કરવા અરજી આપેલ છે જેમાં એકઝીકયુટીવ કમીટી ઠરાવ નંબર. ૩૩૦ તારીખ.૨૦–૧૨–૨૦૧૩ તથા જનરલ બોર્ડ ઠરાવ નંબર. ૫૩ તારીખ.૩૦–૦૧–૨૦૧૪ની પોલીસી મુજબ દુકાનમાં નામ ટ્રાન્સફર કરવાની ફી રૂપીયા. ૨૫,૦૦૦/– અંકે રૂપીયા પચ્ચીસ હજાર પુરા તથા માસીક લાયસન્સ ફી માં પચ્ચીસ (૨૫) ટકા પ્રમાણે થતો વધારો ભરવાની શરતે દુકાન ભુપેન્દ્રભાઈ જશુભાઈ પટેલના નામે નીચેની શરતોને આધીન ટ્રાન્સફર કરવા મંજુર કરવામાં આવે છે.

શરતો.

(૧) સદર દુકાનો નોન રીફંડેબલ પ્રિમયમની માસીક લાયસન્સ ફી થી નવ (૦૯) વર્ષ માટે આપેલ છે.

(૨) સદર દુકાનનો લાયસન્સનો મહીનો દર અંગ્રેજી મહીનાની પહેલી (૧) તારીખે શરૂ થઈ તે જ મહીનાની આખર તારીખે પુરો થયેલો ગણાવાનો છે.

(૩) સદર દુકાનનું માસિક લાયસંસ ફી રૂપીયા. <u>૫૧૦/– અંકે રૂપીયા પાંચસો દસ</u>

પુરા પ્રમાણે નકકી કરવામાં આવ્યું છે.

(૪) સદર દુકાનની લાયસંસનો કરાર ગુજરાત નગરપાલિકા અધિનિયમની કલમ ૬૫(૨) મુજબ અંગ્રેજી નવ (૦૯) વર્ષની મુદત માટેનો જ રહેશે અને જગ્યાની માલીકી ખંભાત નગરપાલિકાની રહેશે.

(૫) સદર દુકાનો પૈકી જે જુના લાયસન્સદારો છે તેઓની માસીક લાયસન્સ ફી આ હરાજી અગાઉ નકકી થયેલ શરતો મુજબ માસીક લાયસન્સ ફી નકકી થયેલ છે તે મુજબ લેવાની રહેશે તથા ગ્રાઉન્ડ ફલોરની જે દુકાનો જે નવેસરથી હરાજીથી માસીક લાયસન્સ ફી થી આપવાની છે તેઓને એક ચોરસ ફુટના રૂપીયા.૫–૦૦ અંકે રૂપીયા પાંચ પુરા પ્રમાણે તથા પ્રથમ માળની દુકાનો માટે એક ચોરસ ફુટના રૂપીયા.૩–૦૦ અંકે રૂપીયા ત્રણ પુરા પ્રમાણે તથા બીજા માળની ઓફીસની જગ્યા માટે એક ચોરસ ફુટના રૂપીયા.૩–૦૦ અંકે રૂપીયા ત્રણ પુરા તથા જેમાં સેકન્ડ ફલોરમાં જેની ઓફીસ કે દુકાનમાં લેબોરેટરી તથા દવાની દુકાન અને દવાખાના પુરતાં ઓપન સ્પેશ માટે માસીક લાયસન્સ ફી ચોરસ ફુટ રૂા.૨–૦૦ અંકે રૂપીયા બે પુરા પ્રમાણે આપવાની રહેશે. તેમજ સેકન્ડ ફલોર ઉપર આવેલ મેટરનીટી દવાખાનાની જગ્યા માટે રૂપીયા.૫૦,૦૦૦/–અંકે રૂપીયા પચાસ હજાર પુરાની ડીપોઝીટ ભરવાની રહેશે અને શરત નંબર. ૩ માં જણાવ્યા મુજબના સમય પહેલા સીલ બંધ કવરમાં ઓફરો રજુ કરવાની રહેશે તે સૌથી છેલ્લા ખોલવામાં આવશે અને તેમાં સૌથી ઉંચી આવેલ ઓફર સ્વીકારવી કે નહી તે અંગે કમીટીમાં મંજુર કરવામાં આવશે તેની હરાજી કરવાની રહેશે નહી તે સિવાયની બાકીની તમામ શરતો પણ આમાં લાગુ પડશે.

(૬) લાયસન્સ ફી થી આપેલ દુકાનને લાગતા નગરપાલિકા તેમજ ગુજરાત અને કેન્દ્ર સરકારના તથા અન્ય તમામ ટેક્ષ લાયસન્સ ફી થી રાખનારે ભરવાના રહેશે.

(૭) સદર દુકાન રાખનારે અંગ્રેજી મહીનાની (૧)પહેલી તારીખ થી (૧૫) પંદરમી તારીખ સુધીમાં એડવાન્સ લાયસન્સ ફી નગરપાલિકામાં જમા કરાવવાની રહેશે તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી નહી ભરે તો લાયસન્સ ફી માં પચ્ચીસ (૨૫) ટકા પેનલ્ટી આપવાની રહેશે તેમજ કોઈપણ ત્રણ માસની લાયસન્સ ફી બાકી રહેશે તો નગરપાલિકા લાયસન્સનો કરાર રદ કરી દુકાનનો કબજો પરત મેળવશે તેમાં દુકાન રાખનારની કોઈ દલીલ ગ્રાહય રાખવામાં નહી આવે.

(૮) સદર દુકાન હરાજીથી આપેલ દુકાન નવ (૦૯) વર્ષ બાદ પુનઃરીન્યુ કરવા માટેની

લાયસન્સ ફી નો ૨૫ (પચીસ) ટકાનો વધારો કરવાનો રહેશે. તે લાયસન્સી અંગ્રેજી દર બે (૦૨)વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં દશ (૧૦) ટકાનો વધારો કરવામાં આવશે.

(૯) સદર દુકાનનો કબજો જુના લાયસંસદારોને સોપ્યા બાદ "સ્થંભતીર્થ કોમ્પલેક્ષ"ના તમામ લાયસંસદારો માટે અંગ્રેજી દર બે (૦૨) વર્ષ બાદ માસીક લાયસન્સ ફી માં ૧૦ ટકાનો વધારો કરવામાં આવશે.

(૧૦) સદર દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકીનો રહશે અને દુકાનની ઉપરનો કારપેટ એરીયા નગરપાલિકાની માલીકી અને કબજામાં રહેશે.

(૧૧) હરાજીથી દુકાન રાખનાર ઈસમે જે લાયસંન્સ ફી થી રાખેલ હશે અને તે દુકાન અન્યને ટ્રાન્સફર કરે ત્યારે જે રકમમાં જે તે વખતે રાખેલ હશે તેના કરતાં વધુ રકમની જે કોઈપણ ઉપજશે તેના ૨૫% રકમ નગરપાલિકામાં જમા કરાવેથી ટ્રાન્સફરની કાર્યવાહી થઈ શકશે એટલે કે જે રકમ નગરપાલિકામાં જમા કરાવીને દુકાન મેળવેલ હશે તે રકમ કરતાં વધારાની રકમ જે કોઈપણ ઉપજ થાય તે અંગે નગરપાલિકાને અગાઉથી લેખીતમાં રકમ સાથે જાણ કરવાની રહેશે તે રકમ જો ઓછી બતાવવામાં આવે તો દર્શાવેલ રકમ તથા હરાજીમાં લીધેલ રકમ આમ બંને ભેગી કરતાં જે રકમ થાય તે રકમ નગરપાલિકા જે તે ઈસમને પરત આપવા નિર્ણય લેતો જે તે દુકાન ધારકે તે રકમ લઈ નગરપાલિકાને દુકાન પરત આપવાની રહેશે અન્યને આપી શકશે નહી કે ટ્રાન્સફર થઈ શકશે નહી જે તે દુકાન નગર–પાલિકાને પરત કરવાની રહેશે જો તેમ કરવાનું નગરપાલિકા સુચવે અથવા જે તે દર્શાવેલ રકમ યોગ્ય અને સાચી દર્શાવેલી જણાશે તો ઉપર જણાવ્યા મુજબ વધારાની રકમના ૨૫% રકમ નગરપાલિકામાં ભરવા આદેશ કરે અને તે રકમો ભરપાઈ થયા બાદ ટ્રાન્સફરની આગળની કાર્યવાહી કરવામાં આવશે અને આ શરત આ શોપીગના જુના લાયસંસદારોને લાગુ પડશે નહી. તેઓને જુનો અમલમાં રહેલ ટ્રાન્સફરની કાર્યવાહી કરવાની રહેશે.

(૧૨) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં નગરપાલિકાની પ્રોપર્ટી અથવા જાહેર હીતને કોઈપણ જાતનું નુકશાન થાય તેવો કોઈપણ પ્રકારનો ધંધો કે વ્યવસાય કરવા દેવામાં આવશે નહી અને તે કરી શકશે પણ નહીં.

(૧૩) લાયસન્સ ફી થી આપેલ દુકાનમાં પેટા લાયસન્સ ફી થી આપી શકાશે નહી અગર તો હકક, ગીરો, દાન, વીલ કે બક્ષીસ આપી શકશે નહી તેમજ નગરપાલિકાની